ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના ૧૮૬૩

નવસારી-વલસાડ-વાપી

તાપમાન

	મહત્તમ	લઘુતમ
નવસારી	૩૨.૦° સે.	૨૩.૦° સે.
આહવા	૩૪.૦° સે.	૧૯.૦° સે.
વલસાડ	૩૧.૦° સે.	૨૩.૦° સે.
વાપી	૩૧.૦° સે.	૨૩.૦° સે.

નવસારીના મોલમાં 'બિલિંગ ખેલ' ફરી બહાર આવ્યો

રૂપિયા 11 માટે તંગદિલી, પોલીસની હાજરીમાં સત્ય બહાર!

નવસારી : નવસારીના DMart શોપિંગ મોલમાં ફરી એકવાર વધારાનું બિલિંગ કરવાનો મામલો સામે આવતા ગ્રાહકોમાં રોષની લાગણી ફેલાઈ છે. નાની લાગતી રૂપિયા 11ની વધારાની વસુલાતે મોટો વિવાદ ઊભો કર્યો, જેમાં અંતે પોલીસને દખલ કરવી પડી હતી.

ઘટના મુજબ, એક ગ્રાહકે ખરીદેલી વસ્તુ પર ડેસ્ક પર રૂપિયા 338 કિંમત દર્શાવવામાં આવી હતી, પરંતુ બિલિંગ સમયે રૂપિયા 349 વસૂલવામાં આવ્યા હતા. ગ્રાહકે આ તફાવત અંગે પ્રશ્ન ઉઠાવતા મોલ સંચાલકો સાથે ઉગ્ર બોલાચાલી થઈ હતી. મામલો એટલો બગડ્યો કે સંચાલકોએ પોલીસને બોલાવી લીધી હતી. પોલીસ તપાસમાં ગ્રાહકની વાત સાચી નીકળતા વધારાના રૂપિયા 11 પરત અપાવ્યા હતા. ઘટનાના બાદ સંચાલકો સામે લોકોમાં ભારે અસંતોષ ફેલાયો છે અને મોલની કાર્યપદ્ધતિ પર સવાલો ઊભા થયા છે. માત્ર એક મહિના પહેલા પણ અહીં સમાન પ્રકારનો મામલો સામે આવ્યો હતો, જેમાં એક ગ્રાહકે કોર્ટ સુધી લડત લડી છે. વારંવાર આવી ઘટનાઓ સામે આવતા હવે લોકો ખુલ્લેઆમ પ્રશ્ન ઉઠાવી રહ્યા છે. શું આ માત્ર ભૂલ છે કે પછી કોઈ ગોઠવણ? શહેરમાં હવે માંગ ઉઠી રહી છે કે આવા બનાવો સામે તંત્ર કડક પગલાં ભરે અને ગ્રાહકોને ન્યાય મળે.

586 કરોડ રૂપિયાની અસ્ટોલ યોજના પણ પાણીની ગંભીર સમસ્યા અસ્ટોલના ફળિયામાં જ

પાણીની તંગીથી કોઇ દીકરી આપતું નથી

બોર કે કૂવામાંથી જ પાણી લેવાનું હતું તો કરોડોની યોજના શું કામ બનાવી

સવારે ડુંગરો ચઢી કૂવામાંથી પાણી મેળવી તાપમાં ઘરે આવવાની મુશ્કેલી વેઠી રહેલા લોકો

વલસાડ : 586 કરોડ રૂપિયાની અસ્ટોલ યોજના જેના નામે કાર્યરત છે, એ અસ્ટોલ ગામના ડુંગરપાડા ફળિયામાં પીવાના પાણીની ગંભીર સમસ્યા ઊભી થઈ છે.

વિશેષ કરી ડુંગરપાડા, બીજાપાડા, નીચલા ફળિયાના લોકો પીવાના પાણી માટે વહેલી સવારે ડુંગરો ચઢી ઉતરી પાણીના એકમાત્ર સ્ત્રોતસમાં કૂવામાંથી પાણી મેળવી પરત ધોમધખતા તાપમાં ઘરે આવવાની મુશ્કેલી વેઠી રહ્યા છે.

વિશેષ કરી મહિલાઓ અને નાના બાળકોની પરિસ્થિતિ દયનીય બની રહી છે. તો બીજી તરફ પશુઓની મુશ્કેલીની તો કલ્પના પણ કરી શકાય તેમ નથી. સ્થાનિકોના જણાવ્યા મુજબ, કૂવામાં પણ હવે માંડ 20 થી 30 દિવસ ચાલે એટલું જ પાણી બચ્યું છે.

કેટલાક સ્થાનિકો કહે છે કે, અમારા ફળિયામાં પાણીની સમસ્યાને લઈ દીકરી આપવામાં પણ દીકરીના પરિવારજનો ના પાડે છે. આમ પીવાના પાણીની મુશ્કેલીએ સામાજિક સમસ્યા પણ ઉભી કરી છે. તેમનું કહેવું છે કે, પીવાના પાણીની મુશ્કેલી ફેબ્રુઆરી મહિનાથી જ શરૂ થઈ જાય છે.

અંતરિયાળ એવા અસ્ટોલમાં આવેલા ડુંગરપાડા ફળિયામાં પાણીની ગંભીર સમસ્યા ઉભી થઇ રહી છે. મહિલાઓએ તેમના કપડાઓ ધોવા પણ દૂર જ્યાં પાણીના સ્ત્રોત હોય ત્યાં જવાની ફરજ પડી રહી છે. સરપંચ સહિત આગેવાનો દ્વારા આ મુદ્દે સંબંધિત વિભાગ, રાજકીય હોદ્દેદારોને રજૂઆત કરાઈ છે. ત્યારે વિભાગ દ્વારા તાત્કાલિક પાણી સુવિધા આપવા પ્રયાસો હાથ ધરવામાં આવે તેવી લાગણી લોકો વ્યક્ત કરી રહ્યા છે.

સંક્ષિપ્ત સમાચાર

એરુ ચાર રસ્તા પર બેદરકાર એક્ટિવા ચાલકે લીધો નિર્દોષ વૃદ્ધનો જીવ

નવસારી : જલાલપોર તાલુકાના એરુ ચાર રસ્તા પર બેદરકારી અને બેફામ ડ્રાઇવિંગનો એક વધુ કરુણ શિકાર સામે આવ્યો છે. 24 માર્ચે બનેલી આ હિટ-એન્ડ-રન ઘટનામાં ગંભીર રીતે ઇજાગ્રસ્ત થયેલા વૃદ્ધે 10 દિવસ સુધી જીવન માટે ઝઝૂમ્યા બાદ 4 એપ્રિલે અંતે હાર માની લીધી, જેના કારણે વિસ્તારમાં શોક અને આક્રોશની લાગણી ફેલાઈ છે. વિગતો મુજબ, શ્રીરામનગર સોસાયટીમાં રહેતા પ્રમોદભાઈ દેસાઈ પોતાની પ્લેઝર મોપેડ લઈને એરુ ચાર રસ્તા પાસે ઓમ ડિજિટલ સ્ટુડિયો સામે રોડ ક્રોસ કરી રહ્યા હતા. તે દરમિયાન પાછળથી તૂફાની ઝડપે આવેલા અજાણ્યા એક્ટિવા ચાલકે બેફામ રીતે તેમને ટક્કર મારતા પ્રમોદભાઈ રોડ પર ફંગોળાઈ પડ્યા અને તેમના માથામાં ગંભીર ઈજાઓ પહોંચી હતી. અકસ્માત બાદ આસપાસના લોકોએ તેમને હોસ્પિટલમાં દાખલ કરાવ્યા હતા. છેલ્લા 10 દિવસથી તેઓ મોત સામે સંઘર્ષ કરી રહ્યા હતા, પરંતુ અંતે 4 એપ્રિલે તેમનું કરુણ અવસાન થયું હતું, જેનાથી પરિવારજનો પર દુ:ખનો પહાડ તૂટી પડ્યો છે. આ બનાવને લઈ મૃતકના પુત્ર દ્વારા જલાલપોર પોલીસમાં ફરિયાદ નોંધાવવામાં આવી છે. પોલીસે અજાણ્યા એક્ટિવા ચાલક વિરુદ્ધ ગુનો દાખલ કરી તપાસ તેજ બનાવી છે. PSI વી.પી. ચૌધરી આ સમગ્ર કેસની તપાસ સંભાળી રહ્યા છે.

કપરાડાના આંબા જંગલ પાસે બાઇક ઝાડ સાથે અથડાતા યુવકનું મોત

વલસાડ: કપરાડા તાલુકાના આંબા જંગલ વિસ્તારમાં એક ગમખ્વાર માર્ગ અકસ્માત સર્જાયો છે. આંબા જંગલના માથા ફળિયા પાસે એક બાઇક ચાલકે સ્ટેયરિંગ પરથી કાબૂ ગુમાવતા બાઇક માર્ગની સાઇડમાં આવેલા ઝાડ સાથે ધડાકાભેર અથડાઈ હતી. આ અકસ્માતમાં ગંભીર ઈજાઓ થવાને કારણે યુવકનું ઘટનાસ્થળે જ કમકમાટીભર્યું મોત નીપજ્યું હતું. પોલીસ સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ, મૃતક રાજેશભાઈ સીતારામ ગાંવિત (ઉ.૨૫) પોતાની બાઇક (GJ-15-BS-5594) લઈને ઘરેથી નીકળ્યા હતા. મોડી રાત સુધી તેઓ પરત ન ફરતા પરિવારે શોધખોળ આદરી હતી. રવિવારે વહેલી સવારે જાણવા મળ્યું કે, આંબા જંગલથી શુલિયા જતા માર્ગ પર તેમની બાઇક ઝાડ સાથે અથડાયેલી હાલતમાં હતી અને રાજેશભાઈ મૃત અવસ્થામાં મળી આવ્યા હતા. પોલીસે આ મામલે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

ઉમરગામમાં ભરવાડ અને માંગેલા જ્ઞાતિના લોકો વચ્ચે મારામારી

ઉમરગામ : ઉમરગામમાં ભરવાડ અને માંગેલા જ્ઞાતિના લોકો વચ્ચે મારામારી થતા સામ સામે પોલીસ ફરિયાદ નોંધાય છે. ક્રિકેટ ગ્રાઉન્ડ ઉપર થયેલા ઝઘડાની બાબતે આ મારા મારી થઈ હતી. પ્રાપ્ત પોલીસ સુત્રો પાસેથી મળતી જાણકારી મુજબ ઉમરગામ ટાઉનમાં રહેતા માંગેલા સમાજના છોકરા અને ઉમરગામ પાવર હાઉસમાં રહેતા ભરવાડ સમાજના છોકરા વચ્ચે ઉમરગામ ગાંધીવાડી સાંકેત નગર ખાતે આવેલા ક્રિકેટ ગ્રાઉન્ડ ઉપર ઝઘડો થયો હતો. આ ઝઘડાની અદાવતમાં શનિવારે 15:00 કલાકે ઉમરગામ પાવર હાઉસ ભરવાડ વાસમાં ઢીકમૂકી, લાકડા અને પથ્થર વડે સળિયા વડે એકબીજાને મારવામાં આવ્યા હોવાનો બનાવ બનતા કેટલાકને ઈજાઓ પહોંચી હતી અને આ બનાવને લઈને ઉમરગામ પોલીસ સ્ટેશનમાં સામસામે પોલીસ ફરિયાદ નોંધાતા પોલીસે આગળની તપાસ હાથ ધરી છે.

ધરમપુરમાં જુગાર રમતા પાંચ ઝડપાયા

ધરમપુર : વલસાડ એલ.સી.બી. પોલીસે ધરમપુરમાં પેટ્રોલિંગ દરમિયાન રેડ કરી હતી. જેમાં મળેલી બાતમીના આધારે બરૂમાળ ગામના ઉતારા ફળીયામાં રણજીત ધર્મા ગાંવિતની વાડીમાં વરલી મટકાનો જુગાર ચલાવતો હોવાનું સામે આવ્યું હતું. પોલીસે કાર્યવાહી કરતાં પાંચ ઈસમો રણજીત ધર્મા ગાંવિત, કિશોર રમજુ બારીયા, જાનુ નાગજુ ચૌધરી, અમિત કિશન કુંવર અને કાળુ દલુ પવારને ને ઝડપી તેમની પાસેથી ચાર મોબાઇલ ફોન તેમજ રોકડા 8510 મળી કુલ રૂપિયા 17,510નો મુદ્દામાલ કબ્જે કર્યો હતો. પ્રાથમિક તપાસમાં ખુલ્યું કે આંક ફરકનું કટિંગ મહારાષ્ટ્રના ઉમરથાણા વિસ્તારમાં રહેતા ચીટી નામના વ્યક્તિને આપવામાં આવતું હતું. આ મામલે પોલીસે તેને વોન્ટેડ જાહેર કર્યો હતો. આ સમગ્ર કેસમાં પોલીસે આગળની કાનૂની કાર્યવાહી હાથ ધરી વધુ તપાસ શરૂ કરી છે.

વલવાડામાં જમીન બાબતે મારા મારી થતાં સામે પોલીસ ફરિયાદ

ઉમરગામ : ઉમરગામના વલવાડામાં જમીન બાબતે મારા મારી થતા 7 જણા સામે પોલીસ ફરિયાદ નોંધાય છે. ઉમરગામ તાલુકાના વલવાડા ગામે પટેલ ફળિયામાં રહેતી ફરિયાદી ભારતીબેન ભીખુભાઈ હળપતિ (ઉ 60)એ ભીલાડ પોલીસ સ્ટેશનમાં તહોમતદાર મનીષભાઈ મહેશભાઈ હળપતિ, હિતેશ મોહનભાઈ હળપતિ, મેહુલ દિનેશભાઈ હળપતિ, મહેશ બુધિયાભાઈ હળપતિ, સવિતાબેન મહેશભાઈ હળપતિ, કોકીલા દિનેશભાઈ હળપતિ (તમામ રહે વલવાડા) અને રૂખીબેન ગણપતભાઈ હળપતી (રહે કંનાડું કુરિયા કોળીવાડ) વિરુદ્ધ ભીલાડ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી કે શુક્રવારે જમીનની અદાવતમાં વલવાડામાં આવેલા જૂના પડતર ઘરને જેસીબી મશીન વડે તોડી નાખી નુકસાન પહોંચાડ્યુ હતુ. ઉપરાંત ઈંટ મારી ઈજા પહોંચાડી ગાળો આપી જાનથી મારી નાખવાની ધમકી આપી જતા રહ્યા હતા. ભીલાડ પોલીસે આ બનાવની ફરિયાદના આધારે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

ધોડીપાડા ગ્રામ પંચાયત દ્વારા આયોજિત રક્તદાન કેમ્પમાં 208 યુનિટ રક્ત એકત્ર કરાયું

ઉમરગામ : અતુલ રૂરલ ડેવલોપમેન્ટ અને ધોડીપાડા ગ્રામ પંચાયત દ્વારા રવિવારે ઉમરગામ તાલુકાના ધોડીપાડા સાંસ્કૃતિક હોલ ખાતે રક્તદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં 208 યુનિટ રક્ત એકત્ર કરવામાં આવ્યુ છે. ધોડીપાડા ગ્રામ પંચાયતના સરપંચ મીનાબેન વિજયભાઈ પાટકરે આ અંગે જાણકારી આપતા જણાવ્યું હતું કે સતત ચાર વર્ષથી તેઓ રક્તદાન શિબિરનું આયોજન કરતા આવ્યા છે અને દર વર્ષે વધુમાં વધુ રક્તદાતાઓ રક્તદાન કરવા આવી રહ્યા છે. પ્રથમ વર્ષે 64, બીજા વર્ષે 95, ત્રીજા વર્ષે 114, ચોથા વર્ષે 160 અને આ પાંચમા વર્ષે 208 બોટલ રક્ત એકત્ર કરવામાં આવ્યુ છે. રક્તદાતાઓને હેલ્મેટ તથા ટીશર્ટ પણ આપવામાં આવ્યુ હતુ. ઉમરગામ એપીએમસીના ડાયરેક્ટર વિજયભાઈ રમણભાઈ પાટકર અને તેમની ટીમ આ રક્તદાન કેમ્પને સફળ બનાવવા ખડે પગે રહીને સેવા બજાવી હતી. રક્તદાતાઓ તથા આમંત્રિતો અને મેડિકલની ટીમ માટે ચા પાણી નાસ્તો અને જમવાની ખૂબ સારી વ્યવસ્થા પણ કરવામાં આવી હતી.

દારૂ પીને લવારા કરનાર બે વકીલ સહિત 3 સામે ગુનો

ધરમપુરના વકીલે વલસાડમાં મિત્રને ત્યાં લવારા કરતા મામલો વલસાડ પોલીસમાં પહોંચ્યો હતો, જ્યાં દારૂ પીધેલા જણાતા કેસ થયો

વલસાડ : વલસાડમાં ભેગા થયેલા ત્રણ યુવાન મિત્રોનો શરાબના નશામાં કોઈ સાથે ઝઘડો થતાં તેણે પોલીસને ફોન કર્યો હતો. પોલીસ જ્યારે તેમને પોલીસ મથકે લઈ ગઈ ત્યારે ત્રણ પૈકીના બે યુવાન વકીલોએ પોલીસ સાથે પોલીસ સ્ટેશનમાં જ દારૂના નશામાં વાત કરતા પોલીસે તેમની સામે દારૂના નશાનો કેસ કરી ગુનો દાખલ કરી દીધો હતો. આ ઘટનાની વ્યાપક ચર્ચા વકીલ આલમમાં ચાલી રહી છે.

પોલીસ સૂત્રો પાસેથી મળતી વિગત મુજબ, રામજી ટેકરા વિસ્તારમાં કોઈ બે પક્ષકારોનો ઝગડો થયો હતો. જેના પગલે પોલીસની 112 હેલ્પ લાઈન પર કોઈએ ફોન કર્યો હતો. ત્યારે તેમની ટીમ બંને પક્ષકારોને વલસાડ ટાઉન પોલીસ મથકે લઈ ગઈ હતી. જ્યાં આ નશામાં ધૂત અમન (રહે. ધરમપુર), સુરેશ (રહે. વલસાડ) અને આકાશ (રહે. વલસાડ) એ પોલીસ સામે ભારે દલીલ કરી હતી. આ ત્રણ મિત્રો પૈકી બે વકીલ હોય તેમજ દારૂના નશામાં હોય તેઓ પોલીસ સામે ભારે જીભાજોડી કરતા હતાં. જેના પગલે પોલીસે આ ત્રણેય મિત્રો સામે દારૂનો કેસ કરી તેમની સામે જ કાર્યવાહી કરી હતી. જ્યારે સામા પક્ષકાર જતા રહ્યા હતાં. જોકે, કયા મુદ્દે બે પક્ષકારો વચ્ચે ઝગડો થયો તેનું રહસ્ય ઘેરાઇ રહ્યું છે.

વલસાડના વાતાવરણમાં પલટો, તિથલ બીચ પર પ્રવાસીઓની ભીડ

- વલસાડમાં આજે અચાનક વાતાવરણમાં પલટો આવતા આકાશ વાદળછાયું બન્યું હતું, જેના કારણે સમગ્ર પંથકમાં ઠંડક પ્રસરી ગઈ હતી. ગરમીથી રાહત મળતા વાતાવરણ અત્યંત ખુશનુમા બની ગયું હતું. આ આહલાદક મૌસમનો આનંદ માણવા માટે મોટી સંખ્યામાં પ્રવાસીઓ ઉમટી પડ્યા હતા. ખાસ કરીને જાણીતા પ્રવાસન સ્થળ તિથલ બીચ પર સહેલાણીઓની ભારે ભીડ જોવા મળી હતી. દરિયા કિનારે ઠંડા પવનોની લહેરખીઓ વચ્ચે પ્રવાસીઓએ મોજ-મસ્તી કરી કુદરતી સૌંદર્યનો લ્હાવો લીધો હતો. વીકેન્ડ જેવો માહોલ સર્જાતા સ્થાનિક ઇંધાર્થીઓમાં પણ ઉત્સાહ જોવા મળ્યો હતો.

સંક્ષિપ્ત સમાચાર

કપરાડા નાનાપોંઢા તાલુકામાં પ્રથમ બ્લડ જાળવણી અને વિતરણ કેન્દ્રનું લોકાર્પણ

વલસાડ : નાનાપોંઢા સ્થિત ચિરંજીવી હોસ્પિટલમાં બ્લડ જાળવણી અને વિતરણ કેન્દ્ર અને ડાયાલિસિસ યુનિટનું લોકાર્પણ રવિવારે કરાયું હતું. કેમ્પ દરમિયાન યોજાયેલા રક્તદાન કેમ્પમાં બપોર સુધી 120 યુનિટ બોટલ રક્ત ભેગું થયું હતું. હોસ્પિટલના ડો.દિવ્યેશ ચૌધરી, કપરાડા મામલતદાર એસ.જે.ટેલર અને નાયબ મામલતદાર ઘનેશ માંહલાએ પણ રક્તદાન કર્યું હતું. મામલતદારે 40 મી વખત રક્તદાન કર્યું હતું. વિશ્વ હિન્દુ પરિષદ અને ભારતીય જન સેવા સંસ્થાન સંચાલિત અને વલસાડ રક્તદાન કેન્દ્ર સહયોગથી શરૂ થયેલા કેન્દ્ર માટે ચિરંજીવી હોસ્પિટલના ડો.દિવ્યેશ ચૌધરીએ હોસ્પિટલમાં અલગથી ઓફિસ ફાળવી આપી છે. સ્વામીનારાયણ ગુરુકુળ સલવાવના પૂ.કપિલ સ્વામીએ સમાજ સેવા એ સાચો ધર્મ છે, તેમણે રક્તદાન કેન્દ્ર માટે ઓફિસ ફાળવી આપનાર ડો.દિવ્યેશ ચૌધરી અને ધારાસભ્ય જીતુભાઈ ચૌધરીની માનવતાભરી સેવાને બિરદાવી હતી. ભારતીય જનસેવા સંસ્થાના પ્રમુખ ડો.જયદીપ પટેલે વિશ્વ હિન્દુ પરિષદ પ્રેરિત ભારતીય જન સેવા સંસ્થાન દેશભરમાં સેવાકીય પ્રવૃતિઓ ચલાવે છે. નાનાપોંઢામાં શરૂ થયેલું કેન્દ્ર અંતરિયાળ વિસ્તારના દર્દીઓ માટે ઉપયોગી સાબિત થશે. વિશ્વ હિન્દુ પરિષદના ધર્મ પ્રસાર પ્રમુખ ધર્મેન્દ ભવાનીએ આવા સેવા કાર્યો સમાજમાં એકતા અને સંગઠન મજબૂત બનાવે છે. ચિરંજીવી હોસ્પિટલના ડો.દિવ્યેશ ચૌધરીએ વર્ષમાં 550 થી વધુ દર્દીઓને લોહીની જરૂરિયાત ઊભી થઈ હોવાનું જણાવી અત્યાર સુધી વલસાડ-વાપી સુધી જવું પડતું હતું. હવે સ્થાનિક કક્ષાએ લોહી ઉપલબ્ધ થતાં કેન્દ્ર અતિ મહત્વનું સાબિત થશે. કેન્દ્ર માટેના દાતા પ્રકાશ અગ્રવાલ, ઋષભ અગ્રવાલનું સન્માન કરાયું હતું.

વલસાડમાં બે કલાકમાં 565 પુસ્તકો વાચકો સુધી પહોંચ્યા

વલસાડ : વલસાડ શહેરમાં 'પુસ્તક પરબ' દ્વારા રવિવારે વહેલી સવારે અનોખો પુસ્તક ઉત્સવ યોજાયો હતો. શહેરના સર્કિટ હાઉસ સામે તેમજ એસ.ટી. વર્કશોપ પાસે ટ્રેન્ડ્સ-ક્રોમા નજીક ફૂટપાથ પર યોજાયેલા આ કાર્યક્રમમાં પુસ્તકપ્રેમીઓનો ભારે ઉત્સાહ જોવા મળ્યો હતો.

આ પરબ દરમિયાન માત્ર બે કલાકમાં જ કુલ 565 પુસ્તકો વાચકો દ્વારા વાંચવા માટે લઈ જવામાં આવ્યા, જે એક નવો વિક્રમ નોંધાયો છે. કાર્યક્રમમાં 270થી વધુ લોકો હાજર રહ્યા, જ્યારે 23 નવા વાચકો પણ જોડાયા હતા. વાચકોમાં દીપા શિંદે, જતીન વૈદ, કામિની પટેલ, પ્રકાશ દવે, રશ્મિ પરમાર, વિનોદ ચૌધરી, જીતેન્દ્ર પટેલ, ભાવના મિસ્ત્રી સહિત અનેક લોકો ઉપસ્થિત રહ્યા હતાં. અનેક વાચકોએ જણાવ્યું કે ડિજિટલ યુગમાં 'પુસ્તક પરબ' તેમને ફરીથી પુસ્તકો તરફ આકર્ષિત કરી રહ્યું છે. 23 એપ્રિલ 'વિશ્વ પુસ્તક દિવસ'ના રોજ 'પુસ્તક પરબ' તેના સફળ ૪ વર્ષ પૂર્ણ કરશે. અત્યાર સુધીમાં કુલ ૧૦,૫૦૫ પુસ્તકો વાચકો સુધી પહોંચાડવામાં આવ્યા છે. આ અભિયાન પ્રોજેક્ટ ચેરપર્સન ડો. આશા ગોહિલના માર્ગદર્શન હેઠળ હાર્દિક પટેલ સહિત અર્ચના ચૌહાણ, ટીના પટેલ, હિતેશ પટેલ, સુનિતા ઢીમર, દિલીપ દેસાઈ, જયંતી મિસ્ત્રી, અમન ગોહિલ સહિતની ટીમ દ્વારા સંચાલિત થાય છે.

કોરોનામાં ઘણાંના જીવ બચાવનારે સિલિન્ડર વિસ્ફોટમાં જીવ ગુમાવ્યો

દાદરાના વિસ્ફોટમાં હરીશભાઈ સાથે પરિવારના અન્ય સભ્યનો પણ જીવ ગયો

વાપી : દાદરા નગર હવેલીના દાદરા ગામમાં શનિવારે થયેલા પ્રચંડ વિસ્ફોટમાં ઓક્સિજન અને હિલીયમ ગેસના વ્યવસાય સાથે સંકળાયેલા અને પોતાનો જીવ ગુમાવનારા ૪૨ વર્ષના હરીશભાઈ પટેલે કોરોનાકાળમાં આ વિસ્તારના હજારો લોકોના જીવ બચાવવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી હતી. એ કપરા સમયમાં હરીશભાઈએ પોતાના જીવની પરવા કર્યા વિના ઓક્સિજન સપ્લાય, નાઈટ્રોજન સપ્લાય અને હિલીયમ સપ્લાયનો પોતાનો વ્યવસાય ચાલુ રાખ્યો હતો. તેમણે એવા સમયે લોકોને ઓક્સિજન પૂરો પાડ્યો હતો જ્યારે ક્યાંય પણ ઓક્સિજન ઉપલબ્ધ નહોતો. કોવિડ-૧૯માં તેમના સમર્પણને કારણે, તેમણે સેલવાસ અને આસપાસના વિસ્તારોની ઘણી હોસ્પિટલોમાં ઓક્સિજન સપ્લાય કરવાનું નોંધપાત્ર કાર્ય કર્યું હતું. તેના કારણે હજારો લોકોના જીવ બચી શક્યા હતા. જોકે, ગઈકાલના નાઈટ્રોજન વિસ્ફોટમાં હરીશભાઈએ જીવ ગુમાવ્યો હતો. એટલું જ નહીં તેમના પરિવારના અન્ય સભ્યનો જીવ પણ આ બનાવમાં ગયો હતો.

400 સિલિન્ડરોને સુરક્ષિત સ્થળોએ રાખવામાં આવ્યા

દાદરા નગર હવેલી વહીવટી વિભાગ પાસેથી મળેલી માહિતી અનુસાર, બહુ-સ્તરીય તપાસ ચાલી રહી છે, અને હરીશભાઈ પટેલના વેરહાઉસમાં સંગ્રહિત ઓક્સિજનની તપાસ કરવામાં આવી છે. બીજી કોઈ ઘટના ન બને તે માટે 400 સિલિન્ડરોને સુરક્ષિત સ્થળોએ રાખવામાં આવ્યા છે. બીજી તરફ, આ વિસ્ફોટમાં ઘાયલ થયેલા લોકોની હાલત ગંભીર છે. એક વ્યક્તિને મુંબઈની ખાનગી હોસ્પિટલમાં પણ ખસેડવામાં આવ્યો હોવાનું જાણવા મળે છે.

ગિરીશભાઈ ફોન આવતા કેબિનથી બહાર નીકળ્યાને બ્લાસ્ટ થયો

શનિવારે દાદરામાં ગિરીશભાઈ પ્રજાપતિ ઉપર ફોન આવતા તે ગોડાઉનમાંથી બહાર નીકળ્યાને તે જ સમયે સિલિન્ડર બ્લાસ્ટ થયો હતો. એ કેબિનની બહાર હતા તો પણ તેમને આ બ્લાસ્ટમાં ઈજાઓ થઈ છે. બ્લાસ્ટ એટલો પ્રચંડ હતો કે છત તથા દિવાલ પણ તૂટીને દૂર સુધી ઉડી ગયા હતા. મોબાઈલ ફોન આવતા વાત કરવા બહાર નીકળ્યાને ગિરીશભાઈનો જીવ બચી ગયો. જોકે તે પણ બ્લાસ્ટને કારણે ઇજાગ્રસ્ત છે. હરીશભાઈ અને ગિરીશભાઈ બંને આ ગેસ એજન્સીમાં પાર્ટનર હોવાનું સ્થાનિક સૂત્રો કહે છે. કોરોનાના કપરા કાળમાં હરીશભાઈ તેમજ ગિરીશભાઈએ ઓક્સિજન પહોંચાડવામાં ખૂબ જહેમત ઉઠાવી હતી. તેને લોકો આજે પણ યાદ કરે છે.

મરોલીની ફેક્ટરીમાં ગરમ પાણીની ટાંકીમાં ખાબકેલા શ્રમિકનું મોત

નવસારી : જલાલપોર તાલુકાના મરોલીની ફેક્ટરીમાં ગરમ પાણીની ટાંકીમાં પડી જતા ગંભીર રીતે દાઝી ગયેલા શ્રમિકે દમ તોડી દીધો હતો, જેના કારણે શ્રમિક વર્ગમાં શોકની લાગણી છવાઈ ગઈ છે. કડોદરાના વરેલી ખાતે રહેતા 45 વર્ષીય હરીમોહન રામવિલાસ ગૌડ ગત 18 ફેબ્રુઆરીની રાત્રે કાળાકાછા સ્થિત ગોહેલટેક્સ પ્રાઈવેટ લિમિટેડ કંપનીમાં ફરજ બજાવી રહ્યા હતા. તે દરમિયાન અચાનક પગ લપસતા ગરમ પાણી ભરેલી ટાંકીમાં ખાબક્યા હતા. આ અકસ્માતમાં તેઓ ગંભીર રીતે દાઝી જતાં તેમની સ્થિતિ અત્યંત નાજુક બની ગઈ હતી.

અકસાન બાદ તેમને સારવાર માટે સુરત લઈ જવામાં આવ્યા હતા, જ્યાં લાંબી સારવાર બાદ તેમનું કરુણ અવસાન થયું હતું. આ ઘટનાને લઈ અઠવાલાઈન્સ પોલીસ દ્વારા ઝીરો નંબરથી કાર્યવાહી શરૂ કરવામાં આવી હતી, જેના આધારે મરોલી પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે. ASI ગોપાળભાઈ વિરસીંગભાઈ સમગ્ર કેસની તપાસ કરી રહ્યા છે.

નવસારી SOGએ આઠ વર્ષથી ફરાર આરોપીને ઝડપી પાડ્યો

નવસારી : નવસારી એસ.ઓ.જી.એ લાંબા સમયથી પોલીસને ચકમો આપતા ફરાર આરોપીને ઝડપી પાડી મહત્વપૂર્ણ સફળતા મેળવી છે. મરોલી પોલીસ સ્ટેશનમાં છેતરપિંડી અને પ્રોહીબીશન એક્ટ હેઠળ નોંધાયેલા ગુનાઓમાં છેલ્લા 8 વર્ષથી નાસતો ફરતો આરોપી હવે કાયદાની પકડમાં આવ્યો છે. બાતમીના આધારે એસ.ઓ.જી.ની ટીમે વેસ્મા ચોકડી વિસ્તારમાં વોચ ગોઠવી રાજસ્થાનના ઝાલોદ જિલ્લાના ચેતનભાઈ ધનરાજ પુરોહિત (ઉ.વ. 40)ને ઝડપી પાડ્યો હતો. લાંબા સમયથી અંતરિયાળ વિસ્તારમાં છુપાઈ રહેતા આરોપી અંતે પોલીસથી બચી શક્યો નહીં. એસ.ઓ.જી.એ આરોપીને કબ્જામાં લઈ આગળની કાર્યવાહી માટે મરોલી પોલીસને સોંપવાની પ્રક્રિયા શરૂ કરી હતી.

સાપુતારા ઘાટમાં બારડોલીની કાર પલટી જતાં 7 ઈજાગ્રસ્ત

સાપુતારા : વણી ખાતે સપ્તશૃંગી માતાજીના દર્શન કરી બારડોલી પરત ફરી રહેલા પરિવારની ઈકો ગાડી નં. GJ-19-BA-4215ના ચાલકે બારખાંદિયા ફાટક નજીક અચાનક સ્ટિયરિંગ પરથી કાબુ ગુમાવતા ગાડી ઝાડ સાથે અથડાઈ પલ્ટી મારી ગઈ હતી. આ અકસ્માતમાં ગાડીમાં સવાર એક જ પરિવારના અંદાજે 7 જેટલા દર્શનાર્થીઓને શરીરના વિવિધ ભાગોમાં નાની-મોટી ઈજાઓ પહોંચી હતી. ઘટના બાદ તાત્કાલિક 108 એમ્બ્યુલન્સને જાણ કરવામાં આવતા તમામ ઈજાગ્રસ્તોને સારવાર માટે વઘઈ સી.એચ.સી ખાતે ખસેડવાની કામગીરી હાથ ધરવામાં આવી હતી. આ બનાવમાં ઈકો ગાડીને ભારે નુકસાન થયું છે. આ બનાવ અંગે વઘઈ પોલીસ સ્ટેશન દ્વારા અકસ્માતનો ગુનો નોંધાઈ વધુ તપાસ શરૂ કરવામાં આવી છે.

નવા વર્ષની જબરદસ્ત સ્કીમ
ફક્ત 5 દિવસ માટે 4,5,6,7,8 એપ્રિલ, 2026
5.9% મજૂરી પ્લેન ગોલ્ડ જ્વેલરી
9.9% મજૂરી કલકત્તી, એન્ટીક, પોલકી, જડતી
નવસારીમાં અમારી કોઈ બ્રાન્ચ નથી
DIAMOND | PLATINUM | GOLD | ROSE GOLD | SILVER | ANTIQUE | YELLOW GOLD | GIFT ITEMS
R.A. Parikh Jewellers NX
આ મજૂરીમાં આ માલ ક્યાંય નહીં મળશે...
*Condition Apply
ચીખલી - બીલીમોરા રોડ, આંતલીયા, બીલીમોરા. (પૂર્વ) Mo. 98255 58181